# કલેક્ટરશ્રી, પંચમહાલની મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ગોધરા ખાતે મુલાકાત

મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ગોધરા ખાતે તા.૦૪ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ માનનીય કલેક્ટર સાહેબશ્રી, શ્રી આશિષકુમારના અધ્યક્ષ સ્થાને મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ગોધરા ખાતે મકાઇ પાકમાં વધુ ઉત્પાદન લેવા અંગેની મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટિંગમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાબાર્ડના અધિકારીશ્રી, પશુપાલન નિયામકશ્રી, ખેત ઉત્પાદન સંગઠનના (એફ.પી.ઓ) પ્રતિનિધિઓ, ગુજરાત રાજ્ય બીજ નિગમના અધિકારીશ્રી તેમજ અત્રેના કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ હાજર રહેલા હતા. આ મીટિંગમાં અત્રેના કેન્દ્રના યુનિટ વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ડો.એમ.બી.પટેલ દ્વારા મકાઇ પાકમાં વધુ ઉત્પાદન લેવા માટેના મુદ્દાઓ, મકાઇ પાકમાં બીજ વૃદ્ધિ શૃંખલા વધુને વધુ મજબુત થાય અને બહોળા પ્રમાણમાં સર્ટીફાઇડ બિયારણ ઉપલબ્ધ થાય તે અંગે ચર્ચા કરેલ હતી તેમજ મકાઇની વિવિધ સંયોજિત, સંકર અને મૂલ્ય વર્ધિત જાતોના માધ્યમથી ખેડૂતોની આવકમાં વધારો થાય તેની માહિતી આપેલ હતી. આમ પંચમહાલ જીલ્લામાં મકાઈનું વધુ ઉત્પાદન લઈ શકાય તે માટેનું ચિંતન કરવામાં આવેલ હતું.

માનનીય કલેક્ટર સાહેબશ્રી દ્વારા પણ મકાઇમાં સંકર જાતોનો વપરાશ કરવા અને ઉત્પાદકતા વધારવા માટે સલાહ-સૂચનો આપેલ હતા તેમજ મકાઇનું ગુણવત્તા યુક્ત બિયારણ ખેડૂત-મિત્રોને નજીકના સ્થળેથી મળી શકે તે માટે વ્યવસ્થા કરવા અંગે સૂચન કરેલ હતું. વધુમાં એફ.પી.ઓ ના પ્રતિનિધિઓ દ્વારા મકાઇની જાતોનો બહોળા પ્રમાણમા પ્રચાર-પ્રસાર થાય તે માટે બીજ ઉત્પાદન પ્લોટ થકી બિયારણ ઉત્પાદન કરવા સૂચનો આપેલ હતા. આ કાર્યક્રમના અંતમાં મકાઇ સંશોધન કેન્દ્રના વિવિધ સંશોધનના અખતરાઓની ફિલ્ડ-વીઝીટ પણ કરવામાં આવી હતી.




